# બિલ્ડરોને જલસા - ગાંધીનગરમાં ૭૦ માળની ઈમારત માટે ૫.૪ની એફએસઆઈ

**૧૦૦ મીટર અને તેનાથી વધુ ઉંચી ઇમારતો શહેરના સેક્ટરોમાં તેમજ ગુડા વિસ્તારમાં પણ બનાવી શકાશે : ટૂંકસમયમાં જીડીસીઆરમાં સુધારો થવાની સંભાવના : ગ્રાહકોને સસ્તાં મકાન મળશે અને જમીનના ભાવમાં ઘટાડો થશે**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના ચાર મેટ્રો સિટી તેમજ ગાંધીનગરમાં ૭૦ માળ સુધીની ઈમારત બનાવવાની જાહેરાત પછી ગુજરાત સરકારે આ બિલ્ડીંગ માટે સૌથી વધુ ૫.૪ની એફએસઆઈ આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયના કારણે બિલ્ડરોને વધુ સ્પેસ મળતાં તેમને મોટો ફાયદો થવાનો છે.

રાજ્યના પાંચ શહેરો-અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ઉપરાંત ગાંધીનગરનો પણ સમાવેશ આ જાહેરાતમાં કરવામાં આવ્યો છે તેથી ગાંધીનગરના સેક્ટરો ઉપરાંત ગાંધીનગર શહેરી સત્તાવિકાસ મંડળ (ગુડા)માં પણ ૭૦ માળની ઈમારતો બનાવી શકાશે.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરાતમાં કહ્યું હતું કે ગુજરાતના પાંચ શહેરોમાં દુબઈ અને સિંગાપુર જેવી ઈમારતો બનશે. ગાંધીનગરમાં ૭૦ માળની ઈમારતો વિકાસની એક નવી દિશા ખોલશે. રાજ્યના શહેરી વિકાસ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે સામાન્ય રીતે એફએસઆઈ ૪.૫ સુધી આપી શકાતી હતી પરંતુ બિલ્ડીંગની ઉંચાઇ ૭૦ માળની હોવાથી એફએસઆઈ ૫.૪ સુધી કરી દેવામાં આવી છે જે ગાંધીનગર અને અન્ય શહેરોના ઈતિહાસમાં અમુક અપવાદને બાદ કરતાં પ્રથમવાર મૂકવામાં આવી છે.

૭૦ માળ એટલે કે ૧૦૦ મીટરથી વધુ ઉંચાઈની બિલ્ડીંગ માટે નવી જોગવાઈ લાગુ પાડવામાં આવશે. આ બિલ્ડીંગની મંજૂરી માટે ટેકનિકલ કમિટીની રચના કરાશે. ઉલ્લેખનીય છે કે રાજ્યના શહેરોમાં અત્યાર સુધીમાં માત્ર ૨૩ માળની ઈમારતો બનાવી શકાતી હતી પરંતુ હવે ઉંચાઈ વધારી દેવામાં આવી હોવાથી શહેરી વિકાસ વિભાગ તેના જી. સીજીડીસીઆર (કૉમ્પ્રિહેન્સીવ જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ) માં ફેરફાર કરશે.

ઊંચા બિલ્ડિંગની જોગવાઈનો લાભ માત્ર ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈની બિલ્ડીંગને જ મળશે અને આ બિલ્ડિંગની પહોળાઈ અને ઊંચાઈનો લઘુત્તમ ગુણોત્તર ૧:૯ હોવો જોઈએ. ૩૦ મીટર કે તેથી વધુ પહોળાઈના રસ્તા પર જ આવા મકાનોને મંજૂરી મળશે ૧૦૦ થી ૧૫૦ મીટર ઊંચા મકાનો માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૨,૫૦૦ ચોરસમીટર હોવી જોઈએ ૧૫૦ મીટરથી વધુ ઊંચા મકાનો માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૩,૫૦૦ ચો.મીટર હોવી જોઈએ. આ બિલ્ડીંગમાં મહત્તમ એફએસઆઈ ૫.૪ આપવામાં આવનાર છે જેના કારણે બિલ્ડરોને ફાયદો છે જ્યારે ગ્રાહકોને આવાસ સસ્તાં મળશે. બીજી તરફ જમીનના ભાવમાં પણ ઘટાડો થશે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સાંજે ખાસ કારોબારી બેઠક મળશે

**આરોગ્ય સેવાઓ મનપાને સોંપી અને તેના રિસ્ટ્રકચરીંગની દરખાસ્ત અંગેની દરખાસ્ત મંજૂર કરાશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે ખાસ કારોબારી સભા ચેરમેન અમૃતાબેન ઠાકોરના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની ખાસ બેઠક બોલાવવામાં આવી રહી હોય તેવી આ પ્રથમ ઘટના છે. સાંજે ૪ વાગે જિલ્લા પંચાયત ખાતે આ ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણયને પગલે જિલ્લાની આરોગ્ય સેવાઓનું રિસ્ટ્રકચરીંગ કરવુ ફરજીયાત બન્યુ હતુ. જો કે છેલ્લા બે વર્ષથી તંત્ર આ બાબતને ટાળી રહ્યુ હતુ હવે સરકારે હદ વધારતાં આ રિસ્ટ્રકચરીંગ કરવુ ફરજીયાત બનતાં તંત્રએ સફાળા જાગી અને કામગીરી માટેનો રોડમેપ તૈયાર કર્યો છે.

આ ૧૯ ગામમાં આવતા આરોગ્ય કેન્દ્રો દવાખાના તેમજ પ્રા.આ. કેન્દ્રોનું સ્થળાંતર કરવાનું થાય. આ માટેની વૈકલ્પિક વ્યવસ્થાને કારોબારી સમિતિની મંજૂરી જરૂરી હોવાથી આજની બેઠકમાં આ દરખાસ્ત રજુ કરવામાં આવશે.

કારોબારી સમિતિની મંજૂરી મળ્યા બાદ વહીવટીય કામગીરી આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવશે. જોકે આમાં હજુ ઘણો સમય જશે તેમ પંચાયત વહીવટીય પ્રથાના જાણકારોનું કહેવુ છે.

સરકારે ગાંધીનગર મનપાને સફાઈ સિવાયની કોઈપણ સેવાઓ સુપ્રત કરી નથી ત્યારે આરંભે શુરા થઈ આરોગ્ય તંત્રએ માત્ર વૈદ્યાનિક પ્રક્રિયાના ભાગરૂપે આ દરખાસ્ત તૈયાર કરી અને તે મંજૂરી માટે રજુ કરી છે.

આ બેઠકમાં આમ તો ૪ જેટલા મુદ્દા સમાવવામાં આવ્યા છે. જેમાં કલોલ તાલુકાના પી.એચ.સી. સોજા અને પેટા આરોગ્ય કેન્દ્ર કર્મચારીઓ સાથે

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર બન્યુ ગાબડાનગર

**ગાંધીનગરના માર્ગો પર ગાબડાઓનુ સામ્રાજય વૃક્ષારોપણનો નવતર પ્રયોગ : વરસાદી દિવસોમાં શહેર તેમજ ગુડા વિસ્તારના માર્ગો પણ ઉબડ ખાબડ : માર્ગો પર ઠેર ઠેર ગાબડા : કોંગ્રેસે વૃક્ષારોપણ કરી માર્ગો પરના ખાડાઓનુ પુરાણ કર્યુ ...!!**



ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરમાં સતત વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનને અનુલક્ષી હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. બીજીતરફ સતત ટપકતા વરસાદી પાણીના લીધે પણ માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. કેટલાક માર્ગો મગરની પીઠ સમાન બન્યા છે જયારે ન્યુ ગાંધીનગરમાં પણ બિસ્માર બનતા માર્ગો સ્થાનિકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. સરગાસણ, રાયસણ કુડાસણ સહીતના વિસ્તારમાં માર્ગો પર મોટામસ ગાબડા હોવાનો આક્રોશ પણ રોજબરોજ નાગરિકો ઠાલવી રહ્યા છે. રાયસણમાં ગીફટ સીટી તરફ જવાના માર્ગનુ પણ ધોવાણ થતા રસ્તો ઉબડ ખાબડ બન્યો છે. જયારે શાહપુર ચોકડી તરફ જવાનો માર્ગ પણ ઉબડ ખાબડ બન્યો છે. સરગાસણ વિસ્તારમાં પણ ગોલ્ડ કોઈન બિલ્ડીંગ પાસે સ્થિત માર્ગ તેમજ સાઈટ આસપાસના વિસ્તારમાં પણ માર્ગો પર ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે મોટામસ ખાડાઓમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છ. શહેરના સેકટરોમાં પણ ઠેર ઠેર માર્ગો પર ગાબડા પડયા છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં

● અનુસંધાન પાના - ૭ પર



# સરકાર કહે છે ગ્રામ્યમાં ૨૧ સ્થાનિક તંત્ર કહે છે ૧૪ કેસ

**સારવાર દરમિયાન વધુ ૩ દર્દીના મોત : ગાંધીનગરમાં ૬, માણસામાં ૬ અને કલોલમાં ૨ કેસ : ૧૬ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ : ૧૪૦૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે**

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારે તેની સત્તાવાર યાદીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે જ્યારે તંત્રએ આજે તેની સત્તાવાર યાદીમાં માત્ર ૧૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા હોવાનું જણાવ્યુ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોવિડ-૧૯ના સંક્રમણના કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે ૩ દર્દીના મોત સારવાર દરમ્યાન થયા છે. જેમાંથી બે મોત સરઢવ ગામમાં નોંધાયેલા દર્દીઓના થયા છે જ્યારે એક મોત માણસા તાલુકાના ધોળાકુવા ગામના દર્દીનું થયુ છે.

સરઢવમાં કોરોનાથી બે મોત થતાં સમગ્ર ગામમાં આજે ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આ બન્ને પુરૂષ દર્દી હતા. ૮૫ વર્ષીય પુરૂષ અને ૭૮ વર્ષીય પુરૂષ દર્દીના મોત થયા છે. સરઢવમાં આજે થયેલા મોત સાથે કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૬ કેસ ગાંધીનગર તાલુકામાં, ૬ કેસ માણસા તાલુકામાં અને ૨ કેસ કલોલ તાલુકામાં નોંધાયા છે.

હોટસ્પોટ બનેલ અડાલજ ગામમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૨૬ વર્ષીય યુવાન અને ૪૦ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે.

કુડાસણ ગામેથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૪૨ વર્ષીય પુરૂષ અને ૬૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. ઝુંડાલ ગામેથી પણ ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના બાપુપુરા ગામેથી એક ૧૮ વર્ષીય યુવાન અને ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈટાદરા ગામેથી એક ૮૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સૌલૈયા ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો તો લોદરામાંથી ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે માણસા અર્બનમાંથી એક કેસ મળ્યો છે. ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. આજે મળી આવેલા કેસોના દર્દીઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૨ કેસ

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં એક સાથે કોરોનાના વધુ ૧૭ કેસ

**શહેરમાં આજે સે. ૭ માંથી ૩ કેસ, સે. ૧૪ માંથી, સે. ૧૩માંથી અને સે. ૩ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૧૭, ૯, ૫, ૨૨, ૩૦, ૪, ૨૫ અને સે. ૧૯ માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના ૮૪૯ કેસ થયા છે.

આજે સારવાર દરમ્યાન શહેરના વધુ એક દર્દીનું મોત પણ નીપજ્યુ છે. સે. ૨૪ માં આ દર્દીની આયુ ૮૦ વર્ષની હતી. તેમને ૨૬મી ઓગષ્ટે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી દર્દીઓના મોત સારવાર દરમ્યાન થયાના સમાચારોથી તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

શહેરમાં જે ઝડપે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ કોરોના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુકયો હોવાનું તંત્રના સૂત્રો આડકતરો એકરાર કરી રહ્યા છે. તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગની સંખ્યામાં પણ ધરખમ વધારો કર્યો છે. આજે એક મહિના બાદ એક જ દિવસમાં ૧૭ કેસ પોઝીટીવ આવ્યા છે તેથી તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આજે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી નવ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં આજે સે. ૭ માંથી ૩ કેસ, સે. ૧૪ માંથી, સે. ૧૩ માંથી અને સે. ૩ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૧૭, ૯, ૫, ૨૨, ૩૦, ૪, ૨૫ અને સે. ૧૯ માંથી પણ કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓ છે. આ ઉપરાંત ડૉક્ટર, ઝાયડ્સ ફાર્માનો કર્મયોગી, પી.આઈ.યુ.નો કર્મયોગી, કોમ્પ્યુટર ઓપરેટર, ફોરેન્સીક લેબ.નો કર્મયોગીની પણ કોરોનામાં સપડાયો છે.

સે. ૧૭ માંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૪ માંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૯ માંથી એક તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૭ વર્ષીય આ તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૨ વર્ષીય ગૃહીણી અને ૨૮ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીઓએ પણ હોમ આઈસોલેશનો વિકલ્પ સ્વીકાર્યો છે. ૨૮ વર્ષીય યુવાન સ્વરોજગાર મેળવતો હોવાનું જાણવા મળેલ છે.

સે. ૫ માંથી વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલ એક ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઉદ્યોગ ભવનમાં આસિ. કમિશનર તરીકે સેવાઓ આપતા અને સે. ૩૦ માં રહેતા એક ૩૦ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવા અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૩ માં રહેતા એક ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૫ માં રહેતા નવા સચિવાલય સંકુલમાં બ્લોક નં. ૧૪માં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજો બજાવતા

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોનાની સારવાર દરમિયાન જ કલેક્ટરના પી.એ. સેવા નિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના પી.એ. તરીકે ફરજો બજાવતા હસમુખભાઈ રાવલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાવલ ગત મહિનાની ૩૧ ઓગષ્ટના રોજ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. તેઓ હોસ્પિટલમાં દાખલ હતા અને સેવા નિવૃત્ત થયા હોવાની આ ઘટના જિલ્લાના વહીવટીક્ષેત્રના વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની છે.

૩૩ વર્ષની તેમની નોકરી દરમ્યાન સૌથી ઓછી રજાઓ તેમણે ભોગવી હતી. જોકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેમને સારી સારવાર મળી રહી હોવાનું જણાવતાં તેમણે જણાવ્યુ હતુ કે ખરેખર ખુબજ સારી સેવાઓ હોસ્પિટલની છે. તેમણે કહ્યુ કે તેઓ હાલ સ્વસ્થતા અનુભવી રહ્યા છે. થોડીક અશક્તિ લાગે છે પણ સારવાર સારી થઈ રહી હોવાથી તેઓ ઝડપથી સ્વસ્થ થઈ જશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

# સેકટર સફાઈ માટે ગ્રાન્ટ છતા કોર્પોરેશનના જેસીબીના ઉપયોગ સામે ઉગ્ર આક્રોશ

ગાંધીનગર તા ૨

શહેરમાં આમ પણ સફાઈ કામગીરી ખાડે ગઈ છે. ત્યારે સફાઈ વ્યવસ્થા માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પણ યોગ્ય ઉપયોગ થતો ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. સફાઈ માટે મેયર તેમજ ડેપ્યુટી મેયર સફાઈ માટે કોર્પોરેશનના જે સી બીનો ઉપયોગ કરે છે. વોર્ડ દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ઉપયોગ કરવાના બદલે કોર્પોરેશનના જેસીબીનો જ ઉપયોગ થઈ રહ્યો છે. જેના લીધે કોર્પોરેશનને આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરના વોર્ડ નં-૬ ના કાઉન્સિલર પિન્કીબેન પેટલના જણાંવ્યા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા રૂપિયાનો દુર ઉપયોગ થઈ રહ્યો છે. મહાનગરપાલિકાના બજેટમાં સફાઈની ગ્રાન્ટ અન્વયે વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે કાઉન્સિલરને રૂ ૧ લાખ ફાળવવામાં આવે છે. જયારે નવા વર્ષ ૨૦૨૦-૨૧ મુજબ બજેટમાં રૂ ૧.૫૦ લાખ ની કરવામાં આવી છે. તે મુજબ વોર્ડ પ્રમાણે રૂ ૬ લાખ થાય છે. જયારે આ મુજબ વોર્ડ દીઠ રૂ ૬ લાખ થાય છે. વોર્ડની સફાઈ જે સી બી ના આધારે કરવામાં આવે છે. જયારે જે સી બી માટે રકમ ફાળવવામાં આવતી હોવાછતા મેયર તેમજ ડેપ્યુટી મેયર વોર્ડની સફાઈ માટે કોર્પોરેશનના જેસીબીનો જ ઉપયોગ કરે છે. જે સી બી ભાડે રાખવા માટે કલાકનો ભાવ રૂ ૭૦૦ છે. તે રીત વોર્ડ મુજબ વોર્ડ પ્રમાણે રૂ ૬ લાખના હિસાબ મુજબ ૮૫૦ કલાક એટલે કે દિવસના ૧૨ કલાક મુજબ ૭૦ દિવસ જે સી બી નુ કામ કરાવી શકાય તેમ છ. પરંતુ મેયર તેમજ ડેપ્યુટી મેયર અને કાઉન્સિલરના પોતાના વોર્ડમાં સફાઈની કામગીરી માટે તો મહાનગરપાલિકાના જેસીબીનો જ ઉપયોગ કરે છે. જેથી મહાનગરપાલિકાને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાનુ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com